## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

એક તો ના ઊંઘ આવી, રાતના ટુકડા થયા
ને ઉપરથી સ્વપ્નની સોગાતના ટુકડા થયા
વેદના કે જેને ડૂમો પણ ન ઓગાળી શક્યો
આખરે ડૂસકાંથી એ આઘાતના ટુકડા થયા.
બેઉ છેડા ઘરના મોભીએ જુઓ ભેગા કર્યા
ઘર તો સચવાયું, ભલેને જાતના ટુકડા થયા

- હર્ષવી પટેલ

### પાથેય

- રમેશ ઠક્કર

## આસ્થાના અશ્વની હણહણાટી...

એવું કહેવાય છે કે મુશ્કેલીઓ આવે છે ત્યારે એકસામટી અને એક જ સરનામે આવતી હોય છે ! કેટલાક લોકોનું કિસ્મત જ જાણે મુસીબતોના મુકામ જેવું બની રહે છે..એક સાંધે ત્યાં તેર તૂટે એવા લોકોનો તોટો નથી..અકકરમીનો પડિયો કાણો એવું કહેવાય છે. માંડ એમાં કશુંક પડે એનો મધુર અવાજ આવે ત્યાં જ ખબર પડે કે એ મનગમતી ચીજ તૂટેલા તળિયેથી બારોબાર નિકળી ગઈ છે..ઘસઘસાટ ઊંઘ જેને આવે છે એ માણસને સપનાંઓ પણ થોકબંધ માણવા મળે છે..નિંદ્રાના અભાવમાં કણસતો માણસ તૂટક તૂટક સપનાંઓના ટુકડાઓ થકી પરેશાન થતો રહે છે..ઉંટ ઉપર બેઠા હોઈએ છતાં કૂતરૂં કરડી જાય એવી સ્થિતિને શું કહેવાય ? ઘણા લોકોની મુસીબતો આવી હોય છે..આવું જયારે થાય છે ત્યારે એક વસવસો એના દિલમાં ઘર કરી જાય છે..કવિ કે લેખક એને શબ્દો થકી શણગારી પરેશાનીના પ્રસંગને પણ મનગમતો સંગ બનાવી દે છે !

જગતમાં ચોમેર આવા લોકો ઝઝૂમતા જોવા મળે છે..મુશ્કેલીની વણઝાર કેટલાકને પરાસ્ત કરી નાખે છે..એવા લોકો સામાન્ય જીવન જીવીને જાણે શરણાગતિ સ્વીકારતા હોય એવું લાગે.પોતાની વેદનાનો ડૂમો એ ઓગાળી શકતા નથી..આઘાતના ટુકડાઓ ભેગા કરી એમાંથી સુંદર મજાનું ઘર બનાવવાની કળા એમને હસ્તગત હોતી નથી..કેટલાક લોકો એવા છે જે જેમના માટે જે જે ઉપાધિઓ આવે છે એ જાણે સમાધી બની જાય છે..મકકમ પ્રતિકાર એ જ એમનો મુદ્રાલેખ બની જાય છે..પોતાની જાતને ટુકડા ભલે થાય પણ પોતે ધારેલા કામો કે આદર્શો કે પોતાની મંઝિલ એ પ્રાપ્ત કરીને જ રહે છે. આવા લોકો પાસે એક જોશ હોય છે..એમનો સહારો સહનશીલતા અને શ્રધ્ધા હોય છે..

ફકત શ્રધ્ધાના સહારે પણ સાત સમંદર પણ પાર કરી શકાય છે.માણસના મનમાં ઊગી નિકળતી આસ્થા એ જીવનનો અર્ક છે,જેમાં દુન્યવી તર્કને કોઈ સ્થાન હોતું નથી..ઈશ્વરે મનુષ્યને જો આશાવાદી ના બનાવ્યો હોત તો જગતનો વૈભવ આટલો નિરાળો કદાપી ના હોત.અખૂટ ઉમ્મીદ મુકામ ઉપર લઈ જાય છે...નિરાશા હંમેશાં અધોગામી હોય છે..પરેશાનીને આસાની બનાવે એનું નામ આસ્થા...જે જૂજવે રૂપે અનંત ભાસે છે...શ્રધ્ધા શું છે..? એ કયાંથી પ્રગટે છે..? મુશ્કેલીનો આર્તનાદ હોય કે મુસીબતોનો ઉન્માદ...જીજિવિષાનો જઝબાત જગતને જીવાડે છે..પ્રાર્થના નો પરિમલ પૃથ્વી પર પમરાટ પ્રસરાવે છે...ચોતરફ નિબિડ અંધકાર હોય..કાલિમા નું કુંડાળું હોય..હકારાત્મકતા આપણી સફર ને હંકારે છે...શ્રધ્ધા અમાપ છે..અવ્યાખ્યાયિત છે..એનો કોઈ પુરાવો આપવો જરૂરી નથી..શ્રધ્ધાની સાબિતી માટે કોઇ ૭/૧૨ નો ઉતારો કે ખાતાવહી હોતી નથી...મનના પવિત્ર ભાવોમાંથી આસ્થા આપોઆપ ઉગી નિકળે છે...ઉમ્મીદ છે તો જીવન છે...જીવંત અનુભૂતિ છે..જવલંત જગત છે.....

શ્રધ્ધા બડી ગજબની ચીજ છે...આસ્થા મના અશ્વની

અનુસંધાન પાના નં. ૭ પર

# એક રાષ્ટ્ર - એક ભાષાની ફોર્મ્યુલા સદંતર ફેલ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે પણ વિદેશ યાત્રાએ જાય છે ત્યારે ત્યાં વસી ગયેલા ભારતીયોને અચૂક મળે છે. વિદેશવાસી ભારતીયો પણ રાજીના રેડ થઈ કામધંધો પડતો મૂકી મોદીની અસ્ખલિત હિંદી વાણી સાંભળવા ટોળે વળે છે. હિંદી એ દેશની એવી સેતુ ભાષ છે કે દરેક પ્રદેશના ભારતીય નાગરિકને સમજાય છે. સવિશેષ આપણા સાધુસંતોએ અને ફિલ્મી દુનિયાએ હિંદીને માત્ર ભારતમાં જ નહીં બલકે સમસ્ત વિશ્વમાં એક વિશ્વકક્ષાની ભાષા તરીકે સ્થાપિત કરી જ દીધી છે પછી ભલે યુનાઈટેડ નેશન્સ દ્વારા એના પર મંજૂરીની મહોર ન વાગી હોય. વિશ્વમાં સૌથી વધુ પ્રમાણમાં બોલાતી અને સમજાતી ભાષા તરીકે હિંદી અંગ્રેજી કરતાં આગળ છે. ચીનની મેન્ડેરિન અને ઈસ્લામિક વિશ્વની અરબીની લગોલગ, બલકે એમનાથી પણ વધુ સ્થાપિત થઈ ચૂકેલી ભારતની આ રાજયભાષાને ખુદ પોતાના દેશમાં 'રાષ્ટ્રભાષા' નો દરજ્જો પ્રાપ્ત થઈ શક્યો નથી તે આપણી પ્રજા તરીકેની નિર્બળતાનો જ પુરાવ બની રહે છે. તુર્કસ્તાન આઝાદ થતાં જ તુર્કીએ રાતોરાત ભાષ્ટ્રભાષા જાહેર કરી દેવાઈ હતી. ભારતના રાષ્ટ્રીય નેતાઓ આવું પગલું હિંદીના મુદ્દે ન ભરી શક્યા અને ગાંધીજીએ આઝાદીની ચળવળ સમાંરે ચલાવેલો હિંદીનો પ્રચાર આખરે નિષ્ફળતાને વર્યો. ગાંધીજી જ નહીં, તત્કાલીન મોટા ગજાના સુભાષચંદ્ર બોઝથી લઈ ચક્રવર્તી રાજગોપાલાચારી જેવા રાષ્ટ્રીય નેતાઓ કે જેમની માતૃભાષા હિંદી નહોતી - એ બધાએ હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવા માટેનાં નિવેદનો કર્યા હતા પરંતુ દક્ષિણ ભારતમાં સવિશેષ તમિલ ભાષીઓનાં વિરોધને કારણે આખરે હિંદીને રાજભાષા નો જ દરજ્જો આપી શકાયો હતો અને તે પણ અંગ્રેજીની સાથે. આમ 'રાજભાષા' તરીકે પણ એ ઓશિયાળી બની ગઈ. કાળા અંગ્રેજ બની ગયેલા તંત્રવાહકોએ તો બ્રિટીશ રાજની તર્જ પર અંગ્રેજીમાં જ વહીવટ ચાલુ રાખ્યો. કોંગ્રેસમાં ઉત્તરપ્રદેશ - બિહાર જેવા હિન્દી બેલ્ટના નેતાઓ હિંદીની તરફેણ જરૂર કરતા રહ્યા પણ દક્ષિણનાં રાજયોના પ્રચંડ વિરોધ આગળ એમનું કશું ચાલ્યું નહીં. થોડા સમય પૂરતા વડાપ્રધાન બનેલા મોરારજી દેસાઈ, ચરણસિંહ, વીપીસિંહ કે ચંદ્રશેખર જેવા નેતાઓ હિંદીના જ પક્ષધર હોવા છતાં હિંદીને એનો સાચો મરતબો આપી શક્યા નહોતા. અટલ બિહારી વાજપેયીએ એ દિશા માં પહેલ કરી અને યુનાઈટેડ નેશન્સમાં હિંદીમાં ભાષણ આપી ભારતીય ભાષાનો મહિમા વધાર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને અમિત શાહ એ જ દિશામાં આગળ વધતા જતા હતા અને નવી શિક્ષણનીતિમાં જ હિંદીને ફરજિયાત બનાવવા ગયા ત્યાં દક્ષિણ ભારત ઊકળી ઊઠ્યું. તમિલનાડુ, કેરળ અને કર્ણાટકના વિરોધ પછી અમિત શાહ-મોદીએ મૂંગા થઈ જવું પડ્યું છે. રજનીકાંત અને કમલ હસન જેવા લોકપ્રિય અભિનેતાઓએ 'જલીકટ્ટુ' આંદોલન કરતાં પણ મોટાં આંદોલનની ચીમકી આપતાં હિંદી સમર્થક ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય નેતાગીરીનું મોં સિવાઈ ગયું છે. ગાંધીજીના વેવાઈ સી.રાજ ગોપાલાચારીએ પણ અગાઉ હિંદીની તરફેણ કર્યા પછી ફેરવી તોડવું પડ્યું હતું. દેશને એક સૂત્રમાં પરોવવા માટે એક દેશ - એક ભાષાની અમિત શાહ પ્રેરિત ફોર્મ્યુલાનું પગેરું તો છેક દયાનંદ સરસ્વતી સુધી પહોંચે છે. રાષ્ટ્રભાષાનો પહેલો વિચાર એ મૂળ ગુજરાતી મહર્ષિએ રમતો મૂક્યો હતો જેમાંથી પ્રેરણા લઈને ગાંધીજીએ હિંદી - હિંદુસ્તાનનીને રાષ્ટ્રભાષા તરીકે વિકસાવવાની વાત કરેલી.

# મોર્ડન લવ : મુંબઈ - જોવા જેવી સિરિઝ




હમણાં ઘણી બધી 'વેબસિરીઝ' જુદી જુદી ચેનલ્સ પર આવી રહી છે. એમાંની ઘણી બધી સિરીઝ રહસ્ય અને રોમાંચથી ભરપૂર હોય છે. પણ એમાની ઘણી સિરીઝ એકદમ જુદી પડે છે. હમણાં એમેઝોન પ્રાઈમ




વીડિયો પર એક સિરિઝ આવી છે. 'મોર્ડન લવ : મુંબઈ' છ ભાગની આ સિરીઝમાં અલગ અલગ પ્રેમકથાઓ અલગ અલગ દિગ્દર્શકોએ દિગ્દર્શિત કરી છે. આ છ એ પ્રેમકથાઓ એકદમ હૃદયસ્પર્શી છે. પ્રેમના નવા - નવા રંગો એમાંથી પ્રગટ થાય છે. એમાં સમલૈંગિક પ્રેમકથા પણ છે અને એક યુવાનનો પ્રૌઢા સાથે થતા પ્રેમની વાત પણ છે. પ્રેમમાંથી મુક્તિ મળતા પોતાના અસ્તિત્વનો ખ્યાલ આવે છે, ને જિંદગી નવેસરથી જીવવાની જિજ્ઞાસા પણ જાગે છે. બે અલગ અલગ ધર્મ પાળનારા યુગલની પ્રેમકથા પણ અહીં સામેલ છે. એટલે, પ્રેમ જુદા જુદા રંગોથી સભર આ સિરીઝ કશુંક વધુ જોવા માગતા હોય એમને માટે પ્રાઈમ પર ઉપલબ્ધ છે. એમાંથી ત્રણેક કથાઓ વિશે જરા વિગતે વાત કરીએ.

પહેલી કથા મુસ્લિમ પાત્રોની પ્રેમકથા છે, 'રાતરાણી' જેવું દિગ્દર્શન સોનાલી બોજે કર્યું છે. સિરિઝનું ટાઈટલ પણ પ્રેમના વિવિધ રંગોની સભર છે. 'લાલઝરી' (ફાતિમા સના) 'લુત્ફી' (ભૂપેન્દ્ર ઝદાવત) બંને એકબીજાને પ્રેમ કરે છે, ને મુંબઈ આવે છે. પણ લુત્ફીનો ઈરાદો જુદો જ હોય છે. એ લાલઝરીથી દૂર થઈ જાય છે. લુત્ફીનાં પ્રેમમાં ગળાડૂબ લાલઝરીને ધીમે ધીમે પોતાનું અસ્તિત્વ સમજાય છે અને એ પોતાનો રસ્તો શોધી કાઢે છે. સિરિઝનું અંતિમ દૃશ્ય વધારે અસરકારક છે. વરલી સી લિંગ પરથી પસાર થવાની લાલઝરીની ખૂબ ઈચ્છા હોય છે પણ સાઈકલ લઈને ત્યાંથી જવાની છૂટ નથી. છતાં બધા નિયમો ફગાવીને લાલઝરી આઝાદ પંછીની જેમ સાઈકલ લઈ સી લિંક પરથી પસાર થાય છે.

પ્રતીક ગાંધી અભિનિત અને હંસલ મહેતા દિગ્દર્શિત 'બાઈ' સમલિંગી પ્રેમની કથા છે. 'બાઈ'ની ભૂમિકા તનુજાએ બખૂબી નિભાવી છે. ઘણા વખત પછી તલત અઝીઝ અભિનય કરતા જોવા મળે છે. વચ્ચે આવતી ગઝળ અને ઠુમરી આખી વાતને વધારે રંગ ચડાવે છે. મંઝુ (પ્રતીક ગાંધી) રમખાણ વખત મળ્યો હતો અને 'બાઈ' એ એને પોતાની સાથે રાખ્યો હતો. 'બાઈ' પ્રત્યે 'મંજુ'ની સંવેદના આખરી દૃશ્યમાં એકદમ આંખ ભીની કરે એ રીતે ઝીલાઈ છે.

'મુંબઈ ડ્રેગોન' ચાઈનીઝ યુવાન અને ગુજરાતી યુવતીની પ્રેમકથા છે. વિશાલ ભારદ્વાજ એનું દિગ્દર્શન કર્યું છે. મેઘા (વમિકા) અને મિંગ (જાણીતો ગાયક મેયાન ચાંગ) બેને એકબીજાને પ્રેમ કરે છે પણ મિંગની માતાને આ સંબંધ ગમતો નથી. પોતાના સમાજમાં જ મિંગ લગ્ન કરે એવી એની જિદ છે. પણ આખરે માતા સ્વીકાર કરે છે. એ સ્વીકાર અંને એકદમ સૂચક રીતે બતાવ્યો છે. 'માય બ્યુટિફીલ રિંકલ્સ' પ્રૌઢ સ્ત્રી પ્રત્યેના યુવાનની લગાવની વાત છે. અલંકૃતા શ્રીવાસ્તવક દિગ્દર્શિત આ એપિસોડમાં દિલબર (સારિકા) કુણાલ (દાનેશ રાઝવી) વચ્ચેના સંબંધની વાત છે. અહીં પણ દિગ્દર્શિકાએ સંવેદનાને સરસ રીતે રજૂ કરી છે. ધીમે ધીમે દિલબરનો બદલાનો અભિગમ વાતને જુદો વળ ચઢાવે છે. ટૂંકમાં, કશુંક નવું જોવા માગતા હોય એમને માટે છે આ પ્રેમકથાઓ !

### દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક મુકત દિવસ
- વર્લ્ડ થાઈરોઈડ દિવસ
- ૧૪૫૮ - મહમંદ બેગડાનો જન્મ, ગુજરાતનો સુલતાન
- ૧૯૦૪ - હરિપ્રસાદ વ્યાસ, ગુજરાતી હાસ્ય લેખક અને બાળસાહિત્યકાર

### આજનું ઔષધ

- બરોળની તકલીફમાં સવાર-સાંજ જમ્યા પછી એક કપ જાંબુનો રસ પીવો હિતાવહ છે.

### ખડખડાટ

- દીકરીવાળા : અમારી દીકરી બી.ફાર્મ છે. દીકરાવાળા :અમારો દીકરો ય બેફામ છે.

### આજનો વોટ્સએપ

- સાચી સવાર તો ત્યારે પડે જયારે આપણે બીજાના અવગુણો ભૂલીને ગુણોનો સ્વીકાર કરીએ.

# 'ગળે ડૂમો ભરાય એ હદે તળિયે શોધ્યા કરે ખજાના ખુશીના, ને તટ પર જહાજો ના જહાજો હાસ્યની છોળો ના નીકળે એમપણ બને....'




'હા હું જિંદગી છું'બેધડક પૂછ કોઈ પ્રશ્ન મને
કોઈ પણ પ્રશ્નનો હું ઉત્તર છું,પ્રશ્ન પૂછીએ તો ઉત્તર સુધી જવાય.
કહેવાય છે કે અમુક પ્રશ્નોના ઉત્તર આપણી આસપાસ જ હોય છે.

માનસિક વિકાસ માટે પ્રશ્ન પૂછવાની સાહજિકતા આવશ્યક છે. એના કુતૂહલને શમાવતો યોગ્ય ઉત્તર ન મળે તો એ મૂંઝાતું રહે.

ઘાયલસાહેબનો શેર પણ કહે છે.

હું સ્વયં ફૂલ છું, હું અત્તર છું
જે કશું છું, હું દોસ્ત, અંદર છું
બેધડક પૂછ કોઈ પ્રશ્ન મને
કોઈ પણ પ્રશ્નનો હું ઉત્તર છું

કોઈ પણ પ્રશ્નનો ઉકેલ મહાભારત અને ગીતા વાંચો તો મળી શકે પણ અમુક ઉત્તરો તો મિત્રો જ આપી શકે છે.

ભલે સમસ્યાનો સાચો ઉકેલ ના મળે પણ મિત્રો એવા એવા ઉત્તરો આપશે જે બે ઘડી સમસ્યા ભુલાઈ જવાશે.

જિંદગીમાં નિરાશા લાગે તો મિત્ર ને કરેલો
એક મેસેજ કે કોલ જિંદગી બદલી નાખે છે.

આપણે જિંદગીને લગતા મુંઝવણ ભર્યા પ્રશ્નો મિત્રો સિવાય કોઈને કહી શકતા નથી.

કારણ જીંદગીને જીવવાની ફિલસૂફી મિત્ર જ સમજાવી જાણે છે.

જીંદગી કેવી રીતે જીવાય એવાં કોઈ પાઠ પાઠ્યપુસ્તકમાં આવતાં નથી.

અનુભવ દ્વારા જીંદગી જીવાતી હશે, પોતાનાં અથવા બીજાના.

સૌ કોઈ શાંતિ પૂર્ણ જીંદગી ઈચ્છે છે.

પણ એની કોઈ થિયરી , કોઈ એક રીત હોય છે?

શાંતિપૂર્ણ જિંદગી એટલે જીવવા માટે કોઈ સમસ્યા આવે જ નહીં એવું. અથવા સમસ્યા આવે ને એવી રીતે જાય કે શાંતિ જળવાય.

પણ શું એવું કોઈ હશે કે એને જીવનમાં કોઈ ખાસ સમસ્યા આવી જ ના હોય.

ઈતિહાસ ગવાહ છે કે યુદ્ધ વિશે જ આપણે ભણતા આવ્યાં છીએ.

એનો મતલબ એ થયો કે શાંતિ માટે યુદ્ધ આવશ્યક છે.

વાત જીંદગીમાં આવતાં સંઘર્ષ વિશે કરીએ અને કોઈ આવીને કહે કે મને જીવન જીવવામાં ખાસ કોઈ સમસ્યા આવતી નથી કે કોઈ વિરોધીઓ પણ નથી તો એ માનવું અશક્ય છે.

બાકી ભગવાન જીવાડે એટલે જીવવું. નિયતિ જો સારું સારું જ જીવનમાં લખે તો દરેક ધર્મના ઈશ્વર શા માટે મુશ્કેલી અને સંઘર્ષ લખાવીને આવે.

નિયતિ તો એમનાં હાથમાં જ હતી ને
પણ મારા મતે તોપ
''મરતા મરતા જીવવું એમાં કાઈ સાર નથી''
સુખ અને દુઃખ સિવાય જીવનનો અણસાર નથી.'

જિંદગી માં ઉથલપાથલ થતી હોય તો જ ખરી મજા છે બાકી સપાટ રસ્તા જેવું સીધા સીધાં જવું એના કરતા ઉતાર ચઢાવ, ખાડા ટેકરા માં રોમાંચ વધું હૉય છે.

જીવનમાં જેમને કંઈક વિશેષ મેળવવું છે એને જીવનમાં ખૂબ સંઘર્ષ કરવો પડે છે..

એમાં બે મત નથી.

જેનો વિરોધ થાય છે એનો જ સ્વીકાર થાય છે આ સત્ય છે.

બાકી સમસ્યા કોને નથી.. આજકાલ નાની નાની સમસ્યા ને લોકો સ્ટ્રેસ કહે છે.

તો કહેવતો આ સ્ટ્રેસ કોને કોને નથી.

જે વધું ખાય એને વજન ઉતારવા માટે સ્ટ્રેસ, જેને ભોજન નથી મળતું એને ખાવા માટે સ્ટ્રેસ.

જે અમીર છે, જે ગરીબ છે, જે શેઠ છે, જે નોકર છે બધાંને પોત પોતાનો આગવો સ્ટ્રેસ.

આનો મતલબ જિંદગી એવું કહે છે, કે
લડતા રહો જજુમતા રહો.. સમસ્યાને સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથીપ

સ્વીકાર્ય મતલબ પરિસ્થિતિ થી ડરીને નહી પણ લડીને શાંતિ તરફથી પ્રયાણ કરવું એ.

જીંદગી ઉગામે કોઈ તીક્ષ્ણ હથિયાર તો ઢાલ નજીક રાખવી .

આ ઢાલ એટલે ફરી કહીશ કે આપણાં મિત્રો.

અર્જુન હોય કે દુર્યોધન રણભૂમિમાં જવાની હિંમત કૃષ્ણ અને કર્ણ ના કારણે જ આવી હતી.

કારણ બંને જાણતા હતા કે મિત્ર રૂપી ઢાલ હશે તો મહાભારત યુદ્ધ જીતી જવાશે .

બસ આપણે એટલું યાદ રાખવું કે ઈશ્વરે ભેટ આપી છે આપણને આ પ્રુથ્વી પર કોઈના કોઈ પ્રયોજન થી મોકલ્યાં છે તો

જીવન માણતા શીખીએ અને સક્ષમ બનીએ આવનારી દરેક ઘટના પ્રત્યે.

આધી, વ્યાધિ અને ઉપાધિ ને સાથે લઈ ચાલતાં શીખી જઈએ એજ જિંદગી.

આવનારી દરેક ઘટનાને આપણે બદલી શકવાના નથી પણ આપણે બુધ્ધિ સ્વભાવ, વિચાર, વર્તન અને લાઈફ સ્ટાઈલ બદલી શકીએ છીએ.

કર્મ ના ફળ મુજબ જ મળે છે જીંદગીમાં સઘળું
બસ આ સિદ્ધાંતને દિલથી અપનાવાય તો સારું.

આપણું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે, રોજ ધાર્યા કરતાં નવા નવા પ્રકરણ ખુલતા રહે છે, અને આપણે એજ ચિંતામાં ભવિષ્યની બધી શકિત ગુમાવી બેસીએ છીએ.

ઘણીવાર ભૂતકાળના દુઃખો (જે ખરા અર્થમાં દુઃખ હોતા જ નથી) એ આજના આનંદ ઉપર હાવી થતાં હોય છે, એને રોકવા જરૂરી છે. અને એને રોકતા અટકાવવાનો ઉપાય એટલે હાસ્ય.

એ હાસ્ય એટલે જ સુખ.

જીંદગીની સાચી મજા તો આજને સ્નેહથી માણવામાં છે.

ક્યારેક કોઈ છૂપો ભય અંદર રહેલી ખુશીઓને મારી નાખે છે.

સાચી વાત તો એ છે કે જયારે આપણું ધાર્યું નથી થતું ત્યારે આપણે દુઃખી થઈ જઈયે છીએ. અને ધાર્યું કરવામાં આપણે સુખ ભોગવી શકતા નથી.

ચિંતામાં એટલા ગરકાવ હોઈએ છીએ કે આપણે પ્રેમાળ નથી બની શકતા.

આપણે બીજા જેવા બનવા માંગતા હોઈએ છીએ.

પણ રાખો બીજા લોકો આપણા જેવા બનવા માંગતા હોય છે.

ખરા અર્થમાં સુખ મેળવવું હોય તો બધા કરતાં અલગ બનવું પડશે, સર્જનાત્મક અને ચિંતા મુક્ત.

મીંડા જેવડી જીંદગી
જાણે વહે ધીમે ધીમે
ને સંવેદના સરેઆમ લૂંટાય
નસીબ ક્યાં હાથમાં ઝલાય
લે કર્યું મેચિંગ સમય સાથે
પૂર્ણવિરામ થોડી મુકાય.

# ગીતામાંના આહાર વિજ્ઞાનથી સર્પોની આહાર વ્યવસ્થાના પ્રકારો




- મૂળભૂત રીતે કોઈ પણ જીવ માટે આહાર એ શરીરને ચાલતું રાખવા જરૂરી ઊર્જાનું માધ્યમ છે. પાષાણ યુગમાં શિકાર કરીને ખવાતા કાચા માંસના સ્થાને પકાવીને ખાવાની શરૂઆત થઈ. કાચા માંસથી શરૂ થયેલું આહાર ચક્ર આજે રાંધવાની કળા બની છપ્પન ભોગ અને બત્રીસ પકવાન સુધી પહોંચી છે. ભારતીય સંસ્કૃતિમાં છેક કૃષ્ણ કાળથી ભોજનનું વૈજ્ઞાનિક મહત્વ અને વિશ્લેષણ મળી આવે છે. હિંદુધર્મના સૌથી મોટા આસ્થાના કેન્દ્રમાં ભગવદ ગીતા છે. ગીતામાં અધ્યાત્મબોધની સાથે ધરતી પરના પામર માનવ જીવનના અનેકવિધ પાસાઓ પણ આવરી લેવાયા છે અને અનોખા વૈજ્ઞાનિક અભિગમ વાળી નક્કર વાતો જોવા મળે છે. ગીતાજીમાં ''ભોજન'' જેવી સ્થૂળ બાબતનો પણ સુંદર રીતે સમાવેશ થયેલો છે.
- ગીતાજીમાં શ્રી કૃષ્ણ કહે છે કે સર્વ પ્રાણીના શરીરમાં રહેલ વૈશ્વાનર અગ્નિના રૂપમાં પરમેશ્વર પોતે છે, અને તે નીચે દર્શાવેલા ચાર સ્વરૂપોમાં આહારને પચાવે છે. ભક્ષ્ય : ચાવવું પડે તેવા ભોજનને ભક્ષ્ય કહેવામાં આવે છે. ભોજ્ય : પ્રવાહી સ્વરુપે લેવાતા ભોજનને ભોજ્ય કહે છે. લેહ્ય : ચાટીને ખવાતો આહાર. ચૌષ્ય : ચૂસીને ખવાતા ફળોનો સમાવેશ થાય છે.
- આજે ગીતાજીના પરિપ્રેક્ષ્યમાં વાત તો સર્પો અંગે જ કરવી છે, પરંતુ આજે તેમની આહાર પદ્ધતિના વિવિધ પાસાઓ તરફ એક દૃષ્ટિપાત કરીશું. સર્પની જીવન પદ્ધતિ રહસ્યમય છે. સર્પ એક અનોખો અને રહસ્યમય જીવ છે. સર્પોને પણ આહાર અને જળની જરૂર પડે જ છે પરંતુ હાથ-પગ જેવા અંગોના અભાવે શિકાર કરવો તેમના માટે અત્યંત કઠિન હોય છે. સર્પ મૂળભૂત રીતે માંસાહારી છે. દરેક સર્પોનો આહાર તે કેવા પ્રકારના વાતાવરણ અને ભૌગોલિક પરિસ્થિતિમાં રહે છે તેના પર આધારિત હોય છે.
- સર્પો ના શિકારની પદ્ધતિમાં મહદંશે સારી એવી ઝડપ ધરાવતા સર્પો શિકારને સુગંધના આધારે પાછળ પડી, પકડીને જીવતો જ ગળી જાય છે. અમુક સર્પોના શરીર થોડા ભારે હોય છે જે ઝડપથી દોડી શકતાં નથી. આવા સર્પો શિકારને જકડી, ભરડામાં લઈને તે શિકાર કરે છે. અમુક સર્પો પાસે ન તો ઝડપ છે, કે ન તો ભરડો લેવાનું સ્નાયુ બળ, તેવા સર્પોએ કાળક્રમે શરીરમાં કાતીલ ઝેર વિકસાવ્યા. સર્પોની અમુક જાતિઓ ઝેરના ઉપયોગથી શિકાર કરે છે. અમુક સર્પોની જાતિ એવી છે જેમનો મુખ્ય આહાર માત્ર નાના પક્ષીઓના ઈંડા છે. આ ઈંડા ખાઉ સર્પો એટલા શરમાળ છે કે તેમની હયાતી અંગે પણ શંકા ઉદ્દ્ભવતી હોય છે.
- ગુજરાતના ચાર મુખ્ય ઝેરી સર્પોમાંનો કોબ્રા (નાગ). નાગ પોતાના શિકારના શરીરમાં ઝેર નાખીને શિકારને છોડી દે છે. શિકાર થોડા સમયમાં જ ઝેરની અસરથી મૃત્યુ પામે અને નાગ તેનું ભક્ષણ કરે છે. બીજો સર્પ છે કોમન ઈન્ડિયન ક્રેટ (કાળોતરો) જેની શિકાર પદ્ધતિ નાગ જેવી જ છે, પરંતુ તેનો પસંદગીનો આહાર છે પોતાના કરતાં થોડા નાના કદના કોઈ પણ જાતિના બીજા સર્પ. કાળોતરો સ્વજાતિભક્ષણ માટે જાણિતો છે. બાકી રહ્યા બે વાઈપર, એક છે સોસ્કેલ્ડ વાઈપર અને બીજો છે રસેલ્સ વાઈપર. આ બન્ને માંનો રસેલ્સ વાઈપરનો આહાર મોટા કદના ઉંદર, દેડકાં અને તેઓ પોતાના કદ કરતાં નાના નાગ જેવા બીજા સર્પોને પણ ખાતો જોવા મળ્યો છે. સો સ્કેલ્ડ વાઈપર તેમની આસપાસના ઝાડી ઝાંખરામાં અને રણમાં વસતી ગરોળીઓની વિવિધ જાતો તેનો મુખ્ય આહાર હોય છે.
- સર્પોની અન્ય બિનઝેરી જાતિઓના ખોરાક અંગે પણ જાણીએ. ધામણનો મુખ્ય આહાર ઉંદર દેડકાં છે. આંધળી ચાકળણ એટલે કે બંબોઈ ઉંદર, દેડકાં ઉપરાંત નાના પંખીઓ પણ પોતાનો શિકાર બનાવતી જોવા મળી છે. વુલ્ફ સ્નેક ઘરોની અંદર અને આસપાસ નાના જીવડાં, ગરોળીઓ ખાય છે. બ્રોન્ઝબેકડ ટ્રી સ્નેક અથવા તણસ અને કેટ સ્નેક વૃક્ષો પર રહે છે અને નાના પંખીઓના ઈંડા, ગરોળીઓ ખાય છે. પાણીના ડેંડાનો મુખ્ય આહાર માછલીઓ અને દેડકાં છે. સર્પની એક પ્રજાતિ ''ઈન્ડિયન એગ ઈટર'' એટલે કે ઈંડાખાઉ સાપનો મુખ્ય આહાર જ નાના પંખીઓના ઈંડા છે. આ સર્પ ઈંડુ ગળી જાય અને થોડી વાર બાદ ઈંડાનો અંદરનો રસ ગળી જઈને કેરીના ચુસાઈ ગયેલા છોતરા જેવું ઈંડાનું કોચલું ઓકી કાઢે. આ સર્પની લાળમાં રહેલા એન્ઝાઈમ્સ ઈંડાના કડક કોચલાને નરમ બનાવી દે છે, અને તેમના ગળામાં એક હાડકું હોય છે જેનાથી આ સાપ ઈંડામાં કાણુ પાડે જેથી ઈંડાની જર્દી ગળી જઈ શકાય.
- દરિયાઈ સર્પોની જાતિઓની આહાર પદ્ધતિ અનોખી છે. આ સર્પોનો આહાર માછલીઓ છે. આ સર્પો શિકારને દંશ દઈને તેને પેરેલાઈઝ કરીને તેનો આહાર કરે છે. પરંતુ પ્રશ્ન એ થાય કે નાગની જેમ પોતાના શિકારને દંશ આપીને જો છોડી દે તો માછલી તો ક્યાંયની ક્યાંય ભાગી જાય અને છુપાઈ જાય અને પણીમાં તેની ગંધ મેળવવી પણ મુશ્કેલ બની જાય. તેથી આ સર્પોએ દરિયાના પોતાના શિકારોને તત્ક્ષણ પેરેલાઈઝ કરી નાખે તેવું ઝેર વિકસાવ્યું, જેથી દંશ થતાંની સેકંડોમાં જ શિકાર બેહોશ થઈ જાય અને તેને ગળી જઈ શકાય !
- કુદરતના કરિશ્મા જેવા સર્પોના દૈનિક જીવનનું માત્ર આ એક જ પાસું આપણને અચરજ પમાડતું હોય તો એવા તો અનેક પાસા છે જે અંગે જ્યારે જાણીશું ત્યારે કુદરતની લીલા અંગે અહોભાવ જન્મશે.

**હેન્ડબ્રેક :**

**'સાપ ઝાડીઝાંખરામાં છુપાય છે,
લોકો પોતાના જૂઠાણા પાછળ'**

**- અજ્ઞાત**

- djtrivedi@gmail.com